**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER:</u>** The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========================================================

**ગુજરાતની વડી અદાલતમાં, અમદાવાદ ખાતે**

**૨૦૧૮ની આર/ચૂંટણી અરજી નંબર ૨૦**

**મંજૂરી અને સહી માટે :**

**માનનીય ન્યાયમૂર્તિ શ્રી પરેશ ઉપાધ્યાય**

==========================================================

| | | |
|---|---|---|
| ૧ | શું સ્થાનિક વર્તમાનપત્રોના રિપોર્ટરોને ચૂકાદો જોવાની મંજૂરી આપી શકાય ? | હા |
| ૨ | રિપોર્ટરને રીફર કરવો કે નહીં ? | હા |
| ૩ | શું તેમના લોર્ડશિપ ચૂકાદાની ફેર નકલ જોવાની ઈચ્છા રાખે છે ? | ના |
| ૪ | શું આ કેસમાં ભારતના બંધારણ અથવા તે હેઠળ બનાવેલા કોઈ આદેશના અર્થઘટન અંગે કાયદાનો સબસ્ટેન્શિયલ પ્રશ્ન સંકળાયેલો છે ? | ના |

==========================================================

આહિર મેરામણભાઈ મરખીભાઈ ....અપીલકર્તા

વિરુદ્ધ

પબુભા વિરમાભા માણેક તથા અન્ય. ....સામાવાળા

==========================================================

**ઉપસ્થિતિ:**

અપીલકર્તા તરફે વકીલ શ્રી બી. એમ. માંગુકિયા

સામાવાળા નંબર ૧ તરફે વકીલ શ્રી સી. બી. ઉપાધ્યાય

સામાવાળા નંબર ૨ થી ૧૨ રુલ સર્વ થયો.

==========================================================

**કોરમ: માનનીય ન્યાયમૂર્તિ શ્રી પરેશ ઉપાધ્યાય**

**તારીખ:૧૨/૦૪/૨૦૧૯**

**સી. એ. વી. ચુકાદો**

**(આંક ૬૮)**

૧. આ ઈલેક્શન પિટિશનમાં '૮૨–દ્વારકા મતવિસ્તાર' માટે ડિસેમ્બર ૨૦૧૭ માં યોજાયેલી ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીને પડકારવામાં આવી છે. સામવાળા નં.૧ એ ૮૨–દ્વારકા મતવિસ્તારમાંથી સદર ચૂંટણીમાં ચૂંટાયેલા ઉમેદવાર છે. આ પડકાર મુખ્યત્વે એવા ગ્રાઉન્ડ પર છે કે, સામવાળા નં.૧ નું ઉમેદવારી પત્ર રિટર્નિંગ ઓફિસર દ્વારા ગેરકાયદેસર રીતે સ્વીકારવામાં આવ્યું હતું. અરજદાર દ્વારા એવી વિનંતી કરવામાં આવી છે કે સામવાળા નં.૧ ની સદર ચૂંટણીને લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૦૦(૧)(ડી)(i) હેઠળ શૂન્ય ઘોષિત કરવામાં આવે. અરજદારે એવી પણ વિનંતી કરી છે કે, સામવાળા નં.૧ ના સ્થાને તેમને સદર ચૂંટણીમાં ચૂંટાયેલા ઉમેદવાર તરીકે ઘોષિત કરવામાં આવે.

૨.૧ અરજદારનો કેસ ફકરા:૩ માં નોંધાયેલ છે.

૨.૨ સામવાળા નં.૧ ચૂંટાયેલા ઉમેદવારનો કેસ ફકરા:૪ માં નોંધાયેલ છે.

૨.૩ અન્ય સામવાળાઓ અંગેનો સંદર્ભ ફકરા:૫ માં આપેલ છે.

૨.૪ આ કોર્ટ દ્વારા ઘડવામાં આવેલા મુદ્દાઓ, જેની આ પિટિશનમાં ટ્રાયલ ચલાવવામાં આવી છે, તે ફકરા:૬ માં નોંધાયેલા છે.

૨.૫ સદર મુદ્દાઓના જવાબો ફકરા:૭ માં નોંધાયેલા છે.

૨.૬ દરેક મુદ્દા અંગે જવાબો સુધી પહોંચવા માટે આ કોર્ટના કારણો અને તારણો નીચે મુજબ નોંધાયેલા છે.

૨.૬.૧ મુદ્દા નં.૧ માટે, ફકરા:૯ થી ૧૭.

૨.૬.૨ મુદ્દા નં.૨ માટે, ફકરા:૧૮.

૨.૬.૩ મુદ્દા નં.૩ માટે, ફકરા:૧૯ થી ૨૫ અને ફકરા:૨૬ થી ૨૮.

૨.૬.૪ મુદ્દા નં.૪ માટે, ફકરા:૨૯.

૨.૬.૫ મુદ્દા નં.૫ માટે, ફકરા:૩૦.

૨.૬.૬ મુદ્દા નં.૬ માટે, ફકરા:૩૧ થી ૩૪.

૨.૭ કોર્ટનો આખરી હુકમ (મુદ્દા નં.૭), ફકરા:૩૫ થી ૩૮ માં નોંધાયેલ છે.

## <u>૩. અરજદારનો કેસ.</u>

૩.૧ અરજદારનો કેસ એવો છે કે, ડિસેમ્બર ૨૦૧૭ માં ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાઈ હતી. અરજદારે '૮૨–દ્વારકા મતવિસ્તાર' પરથી સદર ચૂંટણી લડી હતી. અરજદાર ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ પક્ષ દ્વારા ઉભા રખાયેલા ઉમેદવાર હતા. ઉમેદવારી પત્ર રજૂ કરવાની છેલ્લી તારીખ ૨૧/૧૧/૨૦૧૭ હતી. અરજદારે ૨૧/૧૧/૨૦૧૭ ના રોજ રિટર્નિંગ ઓફિસરને પોતાનું ઉમેદવારી પત્ર રજૂ કર્યું હતું. રિટર્નિંગ ઓફિસરને ભારતીય જનતા પક્ષ દ્વારા ઉભા રખાયેલા ઉમેદવાર તરીકે સામવાળા નં.૧ નું ઉમેદવારી પત્ર પણ ૨૦/૧૧/૨૦૧૭ ના રોજ મળ્યું હતું. તમામ ઉમેદવારી પત્રોની ચકાસણી ૨૨/૧૧/૨૦૧૭ ના રોજ યોજાઈ હતી.

૩.૨ ચકાસણીની તારીખે (૨૨/૧૧/૨૦૧૭), અરજદારે રિટર્નિંગ ઓફિસરને પોતાનો વાંધો આપ્યો હતો જેમાં જણાવ્યું હતું કે, સામવાળા નં.૧ નું ઉમેદવારી પત્ર ક્ષતિગ્રસ્ત હતું, કારણ કે તેમના ઉમેદવારી પત્રમાં મતવિસ્તારનો નંબર અને નામ દર્શાવવામાં આવ્યા ન હતા. અરજદાર દ્વારા રિટર્નિંગ ઓફિસરનું ધ્યાન એ બાબતે પણ દોરવામાં આવ્યું હતું કે, સામવાળા નં.૧ દ્વારા માત્ર મતવિસ્તારનો નંબર અને નામ દર્શાવવામાં આવ્યું ન હતું એટલું જ નહીં, પરંતુ તે જગ્યાએ દરખાસ્ત કરનારનું નામ દર્શાવવામાં આવ્યું હતું. અરજદારના જણાવ્યા મુજબ, સામવાળા નં.૧ ના સદર ઉમેદવારી પત્રને રદ કરવું જરૂરી હતું. અરજદારે તે અંગે ૨૨/૧૧/૨૦૧૭ ના રોજ રિટર્નિંગ ઓફિસરને લેખિત વાંધો આપ્યો હતો (આંક ૫૧). અરજદાર દ્વારા રિટર્નિંગ ઓફિસરનું ધ્યાન એ બાબતે પણ દોરવામાં આવ્યું હતું કે, ઉમેદવારી ફોર્મની પ્રથમ લીટીમાં (ભાગ–I) મતવિસ્તારના નંબર અને નામનો ઉલ્લેખ ન કરવો તે ૧૯૭૩ એઆઈઆર એસસી ૧૭૮ માં રિપોર્ટ થયેલા પ્રહલાદદાસ ખંડેલવાલ વિ. નરેન્દ્ર કુમાર સાલ્વેના કેસમાં ભારતના સુપ્રીમ કોર્ટના નિર્ણયને ધ્યાનમાં લેતા ઘાતક હતું. સદર ચુકાદાની નકલ પણ આંક ૫૧ સાથે સંલગ્ન કરવામાં આવી હતી.

અરજદારના સદર વાંધાનો જવાબ સામવાળા નં.૧ વતી તે જ દિવસે એટલે કે ૨૨/૧૧/૨૦૧૭ ના રોજ આપવામાં આવ્યો હતો (આંક ૫૨). રિટર્નિંગ ઓફિસરે ૨૨/૧૧/૨૦૧૭ ના રોજ એક હુકમ પસાર કર્યો હતો (આંક ૫૩), જેમાં અરજદારના વાંધાને ફગાવી દેવામાં આવ્યો હતો અને તે રીતે સામવાળા નં.૧ ના ઉમેદવારી પત્રનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ, ૦૯/૧૨/૨૦૧૭ ના રોજ ચૂંટણી યોજાઈ હતી. મતગણતરી ૧૮/૧૨/૨૦૧૭ ના રોજ થઈ હતી અને સામવાળા નં.૧ ને ચૂંટાયેલા ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. અરજદાર સામવાળા નં.૧ પછી સૌથી વધુ મત મેળવનારા બીજા ઉમેદવાર હતા. પરિણામ રિટર્નિંગ ઓફિસર દ્વારા તે રીતે જાહેર કરવામાં આવ્યું હતું. '૮૨–દ્વારકા મતવિસ્તાર' ના ચૂંટાયેલા ઉમેદવાર તરીકે સામવાળા નં.૧ ની આ ચૂંટણીને અરજદારે આ પિટિશનમાં મુખ્યત્વે એવા ગ્રાઉન્ડ પર પડકારી છે કે રિટર્નિંગ ઓફિસર દ્વારા સામવાળા નં.૧ ના ઉમેદવારી પત્રનો સ્વીકાર ગેરકાયદેસર હતો અને વધુમાં કે, સદર ચૂંટણીનું પરિણામ, જ્યાં સુધી તે ચૂંટાયેલા ઉમેદવાર (એટલે કે સામવાળા નં.૧) ને સ્પર્શે છે ત્યાં સુધી, તેમના ઉમેદવારી પત્રના આ અયોગ્ય સ્વીકારથી ભૌતિક રીતે અસરગ્રસ્ત થયું છે. તેથી અરજદાર દ્વારા એવી વિનંતી કરવામાં આવે છે કે, લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ (ટૂંકમાં 'એક્ટ') ની કલમ ૧૦૦(૧)(ડી) હેઠળ પ્રશ્નસ્થ ચૂંટણીને શૂન્ય ઘોષિત કરવામાં આવે.

૩.૩ અરજદાર વતી વધારામાં એવી દલીલ અને વિનંતી કરવામાં આવી છે કે, સામવાળા નં.૧ ની ચૂંટણીને શૂન્ય ઘોષિત કર્યા પછી, અરજદારને સદર ચૂંટણીમાં ચૂંટાયેલા ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવે. એવી રજૂઆત કરવામાં આવે છે કે આ પિટિશન મંજૂર કરવામાં આવે.

૩.૪ પિટિશન અને તેની સાથેના જોડાણોના સ્વરૂપમાં પ્લીડિંગ્સ ઉપરાંત, ટ્રાયલ વખતે, અરજદારે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા પણ રજૂ કર્યા છે, જેની વિગતો નીચે મુજબ છે.

૩.૫.૧ અરજદાર પોતે સાક્ષી નં.–૨ તરીકે સાક્ષી બોક્સમાં આવ્યા છે અને તેમની જુબાની આંક ૫૮ પર નોંધાયેલી છે.

૩.૫.૨ સંબંધિત રિટર્નિંગ ઓફિસર (શ્રી પી.એ. જાડેજા, ડેપ્યુટી કલેક્ટર, દ્વારકા) ની સાક્ષી નં.–૧ તરીકે તપાસ કરવામાં આવી હતી. તેમની જુબાની આંક ૪૮ પર રેકોર્ડ પર છે.

૩.૫.૩ જુબાની આંક ૪૮ આપતી વખતે, સંબંધિત રિટર્નિંગ ઓફિસર (સાક્ષી નં.–૧ શ્રી પી.એ. જાડેજા, ડેપ્યુટી કલેક્ટર) એ સાત દસ્તાવેજોનો સંદર્ભ આપ્યો હતો, જે તેમણે અગાઉ કોર્ટમાં રજૂ કર્યા હતા. તે સાત દસ્તાવેજો તેમની દ્વારા ઓળખવામાં આવ્યા હતા અને પ્રશ્નસ્થ ચૂંટણીના અસલ રેકોર્ડ તરીકે જુબાની આપવામાં આવી હતી. તે દસ્તાવેજો આંક ૪૯ થી ૫૫ પર પ્રદર્શિત કરવામાં આવ્યા છે, જેની વિગતો નીચે મુજબ છે.

(i) સામવાળા નં.૧ દ્વારા રજૂ કરવામાં આવેલ ઉમેદવારી ફોર્મ, તેના જોડાણો સાથે, જે '૮૨–દ્વારકા મતવિસ્તાર' ના રિટર્નિંગ ઓફિસર દ્વારા સ્વીકારવામાં આવ્યું હતું. (આંક ૪૯)

(ii) અરજદાર દ્વારા '૮૨–દ્વારકા મતવિસ્તાર' માટે તેના જોડાણો સાથે રજૂ કરવામાં આવેલ ઉમેદવારી ફોર્મ. (આંક ૫૦)

(iii) અરજદાર દ્વારા સામવાળા નં.૧ ના ઉમેદવારી પત્ર સામે તારીખ ૨૨/૧૧/૨૦૧૭ ના રોજ ઉઠાવવામાં આવેલ વાંધો. (આંક ૫૧)

(iv) અરજદાર દ્વારા સામવાળા નં.૧ ના ઉમેદવારી પત્ર સામે ઉઠાવવામાં આવેલા વાંધા સામે સામવાળા નં.૧ દ્વારા ફાઈલ કરવામાં આવેલ તારીખ ૨૨/૧૧/૨૦૧૭ નો જવાબ. (આંક ૫૨)

(v) સામવાળા નં.૧ ના ઉમેદવારી પત્ર સામે અરજદાર દ્વારા ઉઠાવવામાં આવેલા વાંધાને ફગાવી દેતો રિટર્નિંગ ઓફિસર દ્વારા નોંધાયેલ તારીખ ૨૨/૧૧/૨૦૧૭ નો હુકમ. (આંક ૫૩)

(vi) 'રાજ્ય વિધાનસભાના ૮૨–દ્વારકા મતવિસ્તાર' ની આખરી પરિણામ શીટ – ફોર્મ નં.૨૦, તારીખ ૧૮/૧૨/૨૦૧૭. (આંક ૫૪) (vii) સામવાળા નં.૧ ને ભારતીય જનતા પક્ષના સત્તાવાર ઉમેદવાર તરીકે, ૮૨–દ્વારકા મતવિસ્તારમાંથી વિધિવત ચૂંટાયેલા જાહેર કરતું તારીખ ૧૮/૧૨/૨૦૧૭ નું ચૂંટણીનું પ્રમાણપત્ર. (આંક ૫૫)

૩.૬ અરજદાર વતી લેખિત સબમિશન્સ આંક ૬૫ પર રેકોર્ડ પર છે.

૩.૭ અરજદારના વિદ્વાન એડવોકેટ શ્રી માંગુકિયાએ તેમના સબમિશન્સના સમર્થનમાં નીચેના ઓથોરિટીઝ પર આધાર રાખ્યો છે.

(i) (૨૦૧૭) ૨ એસસીસી ૪૮૭– મૈરેમ્બમ પૃથ્વીરાજ વિ. પુખરેમ શરતચંદ્ર સિંહ.

(ii) (૨૦૧૮) ૧૪ એસસીસી ૧ માદિરાજૂ વેંકટ રમણ રાજૂ વિ. પેદ્દીરેડ્ડીગારી રામચંદ્ર રેડ્ડી.

(iii) ૧૯૬૦ એઆઇઆર એસસી ૧૦૪૯ બ્રિજેન્દ્રલાલ ગુપ્તા વિ. જ્વાળાપ્રસાદ.

(iv) ૧૯૫૨ એઆઇઆર એસસી ૧૬– કમિશનર ઓફ પોલીસ વિ. ગોરધનદાસ ભાનજી.

(v) ૧૯૭૮ એઆઇઆર એસસી ૮૫૧ – મોહિન્દર સિંહ ગિલ વિ. ધી ચીફ ઇલેક્શન કમિશનર, નવી દિલ્હી.

(vi) ૧૯૭૩ એઆઇઆર એસસી ૧૭૮ પ્રહલાદદાસ ખંડેલવાલ વિ. નરેન્દ્ર કુમાર સાલ્વે.

(vii) ૧૯૬૯ (૧) એસસીR ૪૯૯ (૧૯૬૯ એઆઇઆર એસસી ૩૯૫)– નરબદા પ્રસાદ વિ. છગન લાલ.

(viii) ૧૯૭૦ (૧) એસસીR ૫૩૦ (૧૯૭૦ એઆઇઆર એસસી ૧૧૦) રામ દયાલ વિ. બ્રિજરાજ સિંહ.

(ix) (૨૦૧૬) ૧૦ એસસીસી ૭૧૫ રાજેન્દ્ર કુમાર મેશરામ વિ. વંશમણી પ્રસાદ વર્મા.

(x) (૧૯૭૨) ૩ એસસીસી ૧૩૧ રામ અવધેશ સિંહ વિ. શ્રીમતી સુમિત્રા દેવી.

**<u>૪. સામવાળા નં.૧ (ચૂંટાયેલા ઉમેદવાર) નો કેસ</u>**

૪.૧ સામવાળા નં.૧ એ આ પિટિશનનો પ્રતિકાર કરવા માટે પોતાનું લેખિત કથન આંક ૨૫ ફાઇલ કર્યું હતું. પ્રતિકાર કરનાર સામવાળા નં.૧ નો કેસ, સારાંશમાં, એવો છે કે, જોકે એ હકીકત વિશે કોઈ વિવાદ નથી કે તેમના ઉમેદવારી ફોર્મના ભાગ–I માં (પ્રથમ લીટીમાં) મતવિસ્તારનો નંબર અને નામ એટલે કે '૮૨–દ્વારકા'

દર્શાવવામાં આવ્યા ન હતા, તેમ છતાં ઉમેદવારી પત્રમાં મતવિસ્તારના નંબર અને નામના સદર બકાતને બિલકુલ ક્ષતિ કહી શકાય નહીં, અને જો તેને ક્ષતિ તરીકે ગણવામાં આવે તો પણ, તેને સબસ્ટેન્શિયલ સ્વરૂપની ક્ષતિ કહી શકાય નહીં, જે સદર ઉમેદવારી પત્રને રદ કરવાની માંગ કરે. સદર લેખિત કથન આંક ૨૫ નો સંબંધિત ભાગ નીચે મુજબ વંચાય છે.

> "૪. એવી અવિવાદિત હકીકત રજૂ કરવામાં આવે છે કે ઉમેદવારી ફોર્મમાં, સદર ફોર્મની પ્રથમ લીટીમાં, મતવિસ્તારનું નામ લખવાને બદલે દરખાસ્ત કરનારનું નામ પ્રતિબિંબિત થાય છે અને એવી રજૂઆત કરવામાં આવે છે કે સદર પાસું લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ ના જોગવાઈઓ હેઠળ વિચારાયા મુજબ "સબસ્ટેન્શિયલ સ્વરૂપ" નું અને/અથવા 'ક્ષતિ' નથી..."

૪.૨ ઉપરોક્ત દલીલને બાધ આવ્યા વિના, સામવાળા નં.૧ વતી વધારામાં એવી દલીલ કરવામાં આવે છે કે, સામવાળા નં.૧ દ્વારા તેમના ઉમેદવારી પત્ર સાથે રજૂ કરવામાં આવેલા સોગંદનામામાં સર્વગ્રાહી વિગતો પૂરી પાડવામાં આવી હતી અને તેથી સામવાળા નં.૧ ના ઉમેદવારી પત્ર સામે અરજદારનો વાંધો સુદ્રઢ ન હતો. એવી રજૂઆત કરવામાં આવે છે કે સામવાળા નં.૧ ના ઉમેદવારી પત્રનો સ્વીકાર કરીને રિટર્નિંગ ઓફિસરે કંઈ ખોટું કર્યું નથી અને તેના સામેના પડકારને ફગાવી દેવો જોઈએ અને તેથી આ પિટિશન ફગાવી દેવી જોઈએ.

૪.૩ લેખિત કથન (આંક ૨૫) ઉપરાંત, સામવાળા નં.૧ એ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા પણ રજૂ કર્યા છે, જેની વિગતો નીચે મુજબ છે.

૪.૩.૧ સામવાળા નં.૧ એ એકમાત્ર સાક્ષી એટલે કે શ્રી દેવશીભાઈ લક્ષ્મણભાઈ પરમારની તપાસ કરી હતી, જેઓ સામવાળા નં.૧ ના ઈલેક્શન એજન્ટ હતા. તેમનો પુરાવો આંક ૬૧ પર રેકોર્ડ પર છે.

૪.૩.૨ સામવાળા નં.૧ વતી આંક ૬૬ મારફતે લેખિત દલીલો પણ રજૂ કરવામાં આવી હતી.

૪.૩.૩ આખરી મૌખિક રજૂઆતો કરતી વખતે, સામવાળા નં.૧ ના વિદ્વાન એડવોકેટે ભારતના ચૂંટણી પંચના સ્ટેન્ડિંગ સૂચનો પર પણ આધાર રાખ્યો હતો, જે 'હેન્ડબુક ફોર ધી રિટર્નિંગ ઓફિસર્સ ૨૦૧૪' નામના પુસ્તિકામાં સમાવિષ્ટ છે જે પબ્લિક ડોમેન માં (ભારતના ચૂંટણી પંચની વેબસાઇટ સહિત) ઉપલબ્ધ છે. સદર દસ્તાવેજ આ પિટિશનના રેકોર્ડ પર આંક ૬૭ પર લેવામાં આવ્યો હતો.

૪.૪ સદર દસ્તાવેજ આંક ૬૭ નો સંદર્ભ આપીને, ખાસ કરીને તેના ફકરા:૬.૯.૧ અને ૬.૯.૨, સામવાળા નં.૧ વતી એવી દલીલ કરવામાં આવે છે કે, સદર સૂચનોને ધ્યાનમાં રાખીને, સામવાળા નં.૧ ના ઉમેદવારી પત્રને રદ ન કરવાની રિટર્નિંગ ઓફિસરની કાર્યવાહી વાજબી હતી. તે સૂચનો નીચે મુજબ વંચાય છે.

"૬.૯.૧ કોઈપણ ઉમેદવારી પત્રને કોઈ એવી ક્ષતિના આધારે રદ કરશો નહીં, જે સબસ્ટેન્શિયલ સ્વરૂપની ન હોય [સદર એક્ટની કલમ ૩૬(૪)]. તેથી, ટેકનિકલ કે ક્લાર્કની પ્રકૃતિની કોઈપણ ભૂલ અથવા ત્રુટિને તમારા દ્વારા અવગણવામાં આવવી જોઈએ.

૬.૯.૨ તમે એ પણ નોંધી શકો છો કે ચૂંટણી સંચાલન નિયમો, ૧૯૬૧ ના નિયમ ૪ માં જોગવાઈ છે કે ઉમેદવારી પત્રમાં પ્રતીકો અંગેના જાહેરનામાને પૂર્ણ કરવામાં નિષ્ફળતા, અથવા પૂર્ણ કરવામાં ક્ષતિ એ સબસ્ટેન્શિયલ સ્વરૂપની ક્ષતિ નથી."

૪.૫ તેમના સબમિશન્સના સમર્થનમાં, સામવાળા નં.૧ ના વિદ્વાન એડવોકેટ શ્રી સી.બી. ઉપાધ્યાયે નીચેના ઓથોરિટીઝ પર પણ આધાર રાખ્યો છે.

(i) (૨૦૦૩) ૮ એસસીસી ૬૧૩ હરિકૃષ્ણ લાલ વિ. બાબુ લાલ મરાંડી.

(ii) (૨૦૧૪) ૧૪ એસસીસી ૧૬૨ કિસાન શંકર કાઠોરે વિ. અરુણ દત્તાત્રેય સાવંત.

(iii) (૨૦૧૪) ૧૪ એસસીસી ૧૮૯ – રિસર્જન્સ ઈન્ડિયા વિ. ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયા.

(iv) (૧૯૭૨) ૩ એસસીસી ૧૩૧ રામ અવધેશ સિંહ વિ. શ્રીમતી સુમિત્રા દેવી.

(v) (૧૯૯૭) ૨ એસસીસી ૨૨૮ – રફીક ખાન વિ. લક્ષ્મી નારાયણ શર્મા.

(vi) (૨૦૦૨) ૫ એસસીસી ૨૯૪ યુનિયન ઓફ ઈન્ડિયા વિ. એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ.

(vii) (૨૦૦૩) ૪ એસસીસી ૩૯૯ – પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ (PUCL) વિ. યુનિયન ઓફ ઈન્ડિયા.

૫. અરજદાર અને પ્રતિકાર કરનાર સામવાળા નં.૧ નો કેસ ઉપરના ફકરા:૩ અને ૪ માં નોંધાયા મુજબ છે. કુલ ૧૨ સામવાળાઓ છે. તમામની બજવણી થયેલ છે. પ્રતિકાર કરનાર સામવાળા નં.૧ સિવાય, અન્ય કોઈ સામવાળાએ આ પિટિશનનો પ્રતિકાર કર્યો નથી. સામવાળા નં. ૨ થી ૧૨ પૈકી કોઈના વતી વકીલપત્ર પણ ફાઈલ કરવામાં આવ્યું નથી.

<u>**૬. કોર્ટ દ્વારા ઘડવામાં આવેલા મુદ્દાઓ**</u>

૬.૧ પક્ષકારોના પ્લીડિંગ્સ અને રેકોર્ડ પરની સામગ્રીના આધારે, તારીખ ૦૭/૦૧/૨૦૧૯ ના હુકમથી કોર્ટ દ્વારા નીચેના સાત મુદ્દાઓ ઘડવામાં આવ્યા હતા.

૬.૨ એ હકીકતને ધ્યાનમાં રાખીને આ મુદ્દાઓ ઘડવામાં આવ્યા હતા કે, એ હકીકત વિશે કોઈ વિવાદ ન હતો કે, સામવાળા નં.૧ દ્વારા રજૂ કરવામાં આવેલા ઉમેદવારી પત્રના ભાગ I ની પ્રથમ લીટીમાં, મતવિસ્તારનો નંબર કે નામ દર્શાવવામાં આવ્યું ન હતું. સામવાળા નં.૧ ના લેખિત કથનને ધ્યાનમાં લેતા, આ માત્ર 'અવિવાદિત હકીકત' નથી પરંતુ 'કબૂલેલી હકીકત' છે, જેનો સંબંધિત ભાગ ઉપર ફકરા:૪.૧ માં પહેલેથી જ નોંધાયેલ છે. તેથી તે અંગે કોઈ મુદ્દો ઘડવો જરૂરી ન હતો. જોકે, લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ હેઠળ તેની અસર અને પરિણામો શું આવશે, તે મુદ્દાઓ છે, જે ઘડવા જરૂરી હતા અને તે મુજબ આ કોર્ટ દ્વારા આંક ૪૦ થી ઘડવામાં આવ્યા હતા. તે મુદ્દાઓ નીચે મુજબ છે.

**<u>-:: મુદ્દાઓ ::-</u>**

> ૧. શું અરજદાર સાબિત કરે છે કે સામવાળા નં.૧ ના દરખાસ્ત કરનાર દ્વારા રજૂ કરવામાં આવેલા ઉમેદવારી ફોર્મના ભાગ ૧ ની પ્રથમ લીટીમાં, 'મતવિસ્તારનું નામ' દર્શાવવામાં ન આવવું, તે લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ ના જોગવાઈઓ હેઠળ વિચારાયા મુજબ 'સબસ્ટેન્શિયલ સ્વરૂપની ક્ષતિ' છે?

૨. શું અરજદાર સાબિત કરે છે કે સામવાળા નં.૧ નું ઉમેદવારી પત્ર '૮૨–દ્વારકા મતવિસ્તાર' ના રિટર્નિંગ ઓફિસર દ્વારા રદ કરવું જરૂરી હતું?

૩. શું અરજદાર સાબિત કરે છે કે ૮૨–દ્વારકા મતવિસ્તારના રિટર્નિંગ ઓફિસરની સામવાળા નં.૧ ના ઉમેદવારી પત્ર સામે અરજદાર દ્વારા ફાઇલ કરવામાં આવેલા વાંધાઓને રદ કરવાની કાર્યવાહી ગેરકાયદેસર હતી?

૪. શું અરજદાર સાબિત કરે છે કે ૦૯/૧૨/૨૦૧૭ ના રોજ યોજાયેલી ગુજરાત રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ માટે '૮૨–દ્વારકા મતવિસ્તાર' માંથી ચૂંટાયેલા ઉમેદવાર (સામવાળા નં. ૧) ને સ્પર્શે છે ત્યાં સુધી, ચૂંટણીનું પરિણામ સામવાળા નં. ૧ ના ઉમેદવારી પત્રના અયોગ્ય સ્વીકારથી ભૌતિક રીતે અસરગ્રસ્ત થયું છે?

૫. શું અરજદાર સાબિત કરે છે કે ૦૯/૧૨/૨૦૧૭ ના રોજ યોજાયેલી ગુજરાત રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ માટે '૮૨–દ્વારકા મતવિસ્તાર' માંથી ચૂંટાયેલા ઉમેદવાર (સામવાળા નં. ૧) ની ચૂંટણી લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૦૦(૧)(d)(i) હેઠળ શૂન્ય ઘોષિત કરવી જરૂરી છે?

૬. શું અરજદાર સાબિત કરે છે કે તેઓ ૦૯/૧૨/૨૦૧૭ ના રોજ યોજાયેલી ગુજરાત રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ માટે '૮૨–દ્વારકા મતવિસ્તાર' માંથી વિધિવત ચૂંટાયેલા ઉમેદવાર તરીકે જાહેર થવા માટે હકદાર છે?

૭. શો આખરી હુકમ કરવો?"

**<u>૭. ઉપરોક્ત નોંધાયેલા મુદ્દાઓના કોર્ટ દ્વારા જવાબો</u>**

મુદ્દા નં.૧ – હકારાત્મક (ફકરા:૯ થી ૧૭ દ્વારા)

મુદ્દા નં.૨ – હકારાત્મક (ફકરા:૧૮ દ્વારા)

મુદ્દા નં.૩ – હકારાત્મક (ફકરા:૧૯ થી ૨૫ અને ૨૬ થી ૨૮ દ્વારા)

મુદ્દા નં.૪ – હકારાત્મક (ફકરા:૨૯ દ્વારા)

મુદ્દા નં.૫ – હકારાત્મક (ફકરા:૩૦ દ્વારા)

મુદ્દા નં.૬ – નકારાત્મક (ફકરા:૩૧ થી ૩૪ દ્વારા)

મુદ્દા નં.૭ – આખરી હુકમ મુજબ (ફકરા: ૩૫ થી ૩૮).

૮. ઉપરોક્ત નોંધાયેલા મુદ્દાઓ (ફકરા:૬ દ્વારા) અને તેના જવાબો (ફકરા:૭ દ્વારા) અંગેના કારણો અને તારણો નોંધતી વખતે, આ કોર્ટે રેકોર્ડ પરની સામગ્રીને ધ્યાનમાં લીધી છે, જેમાં અરજદાર અને સામવાળા નં.૧ દ્વારા અને તેમના વતી રજૂ કરવામાં આવેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનો સમાવેશ થાય છે, અને સંબંધિત પક્ષકારોના વિદ્વાન એડવોકેટો દ્વારા આધાર રાખવામાં આવેલા ભારતના

સુપ્રીમ કોર્ટના નિર્ણયોનો પણ સમાવેશ થાય છે, જેની વિગતો ઉપરના ફકરા:૩ અને ૪ માં નોંધાયેલી છે. બંને પક્ષો દ્વારા રજૂ કરવામાં આવેલા મૌખિક પુરાવાઓનો સંબંધ છે ત્યાં સુધી, એ નોંધવામાં આવે છે કે, આ પિટિશનમાં વિવાદ મુખ્યત્વે દસ્તાવેજી પુરાવાઓના આધારે નક્કી કરવાનો હોવાથી, મૌખિક પુરાવા અંગેનો ભાર, એક તરફ તે દસ્તાવેજી પુરાવાઓને રેકોર્ડ પર લાવવાનો અને બીજી તરફ તેનો પ્રતિકાર કરવાનો હતો. તેથી આ કેસની હકીકતોમાં મૌખિક પુરાવાની પ્રાસંગિકતાને આ દ્રષ્ટિકોણથી તોલવાની જરૂર છે. વધુમાં, સામવાળા નં.૧ ના એકમાત્ર સાક્ષી (આંક ૬૧) ના પુરાવા વિચારતી વખતે, આ કોર્ટે સદર જુબાનીની વિગતોને તેની સમગ્રતામાં, જે મુદ્દાઓની ટ્રાયલ ચાલી રહી છે તેની પ્રાસંગિકતાની સરખામણીએ ધ્યાનમાં લીધી છે. સદર પુરાવાને આ કોર્ટ દ્વારા પસાર કરાયેલા તારીખ ૦૬/૦૨/૨૦૧૯ ના હુકમ (આંક ૬૨) ની વિગતો અને પરિણામોની સરખામણીએ પણ તોલવાની જરૂર છે અને તોલવામાં આવે છે.

**<u>૯. મુદ્દા નં.૧ અંગે કોર્ટના તારણો</u>**

૯.૧ સદર મુદ્દો નીચે મુજબ વંચાય છે.

> "શું અરજદાર સાબિત કરે છે કે સામવાળા નં.૧ ના દરખાસ્ત કરનાર દ્વારા રજૂ કરવામાં આવેલા ઉમેદવારી ફોર્મના ભાગ ૧ ની પ્રથમ લીટીમાં, 'મતવિસ્તારનું નામ' દર્શાવવામાં ન આવવું, તે લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ ના જોગવાઈઓ હેઠળ વિચારાયા મુજબ 'સબસ્ટેન્શિયલ સ્વરૂપની ક્ષતિ' છે?"

૯.૨ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩ એવું ફરજિયાત કરે છે કે ઉમેદવારી પત્ર નિયત ફોર્મમાં પૂર્ણ કરવું પડશે. સદર ફોર્મ ઈલેક્શન કન્ડક્ટ રૂલ્સ, ૧૯૬૧ (ટૂંકમાં 'નિયમો') ના નિયમ ૪ હેઠળ નિયત થયેલ છે. સદર નિયમ હેઠળ જુદા જુદા ફોર્મ (ફોર્મ ૨એ થી ૨ઈ) નિયત થયેલ છે. માન્યતા પ્રાપ્ત राजकीय પક્ષ દ્વારા ઉભા રખાયેલા ઉમેદવારના કિસ્સામાં, ફોર્મ ૨બી (ફોર્મ ૨એ થી ૨ઈ પૈકી) લાગુ પડે છે.

૯.૩ અરજદારને ઈન્ડિય નેશનલ કોંગ્રેસ પક્ષ દ્વારા ઉમેદવાર તરીકે ઉભા રાખવામાં આવ્યા હતા. સામવાળા નં.૧ ને ભારતીય જનતા પક્ષ દ્વારા ઉમેદવાર તરીકે ઉભા રાખવામાં આવ્યા હતા. આમ તે બંને માન્યતા પ્રાપ્ત राजकीय પક્ષો દ્વારા ઉભા રખાયેલા ઉમેદવારો હતા અને તેથી નિયમોના નિયમ ૪ હેઠળ નિયત કર્યા મુજબનું ફોર્મ ૨બી તે બંને માટે લાગુ પડશે.

૯.૪ એ વિવાદમાં નથી કે, આ બંને ઉમેદવારો એટલે કે અરજદાર અને સામવાળા નં.૧ એ પોતપોતાના ઉમેદવારી પત્રો માટે ફોર્મ ૨બી નો ઉપયોગ કર્યો હતો. આ બંને પ્રતિકાર કરનાર પક્ષકારોના ઉમેદવારી ફોર્મ, અસલમાં, રેકોર્ડ પર છે. સામવાળા નં.૧ (ચૂંટાયેલા ઉમેદવાર) નું ઉમેદવારી ફોર્મ, અસલમાં, આ પિટિશનના રેકોર્ડ પર આંક ૪૯ પર છે. અરજદારનું ઉમેદવારી ફોર્મ, અસલમાં, આ પિટિશનના રેકોર્ડ પર આંક ૫૦ પર છે. તે ફોર્મ્સ આ કોર્ટના તારીખ ૧૯/૧૨/૨૦૧૮ ના હુકમ અનુસંધાને, ૨૪/૧૨/૨૦૧૮ ના રોજ રિટર્નિંગ ઓફિસર દ્વારા પોતે આ પિટિશનના રેકોર્ડ પર રજૂ કરવામાં આવ્યા હતા. રિટર્નિંગ

ઓફિસરે, ૨૨/૦૧/૨૦૧૯ ના રોજ પોતાની જુબાની આપતી વખતે (આંક ૪૮ દ્વારા) જુબાની આપી હતી કે તે ઉમેદવારી ફોર્મ્સ પ્રશ્નસ્થ ચૂંટણીના અસલ રેકોર્ડ હતા. તે ગુજરાતીમાં છે. કોઈનો એવો કેસ નથી કે સદર ફોર્મ ૨બી ના અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતરમાં કોઈ ભૂલ, અચોક્કસતા અથવા અસ્પષ્ટતા છે, જે સમગ્ર ગુજરાત રાજ્ય માટે સમાન હશે.

૧૦.૧ ઉપર ઉલ્લેખિત ફોર્મ ૨બી નો નમૂનો (તેનો ભાગ–I), જે આ પિટિશન માટે પ્રાસંગિક છે, તે નીચે મુજબ વંચાય છે.

**ફોર્મ ૨બી**

(નિયમ ૪ જુઓ)

ઉમેદવારી પત્ર .

………… ની વિધાનસભાની ચૂંટણી નીચેના પૈકી જે ભાગ I અથવા ભાગ II લાગુ પડતો ન હોય તેને ચેકી નાખો

**ભાગ I**

(માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષ દ્વારા ઉભા રાખવામાં આવેલ ઉમેદવાર દ્વારા ઉપયોગમાં લેવા માટે)

હું ………… વિધાનસભા મતવિસ્તારમાંથી વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવાર તરીકે ……………… ને નામોદ્દિષ્ટ કરું છું.

ઉમેદવારનું નામ............ પિતાનું/માતાનું/પતિનું નામ........... સરનામું............. તેનું નામ ......... વિધાનસભા મતવિસ્તાર માટેની મતદારયાદીના ભાગ નં............ ના અનુક્રમ નં.......... પર નોંધાયેલું છે.

મારું નામ ........ છે અને તે ........ વિધાનસભા મતવિસ્તાર માટેની મતદારયાદીના ભાગ નં........... ના અનુક્રમ નં........... પર નોંધાયેલું છે.

તારીખ ..........                                         દરખાસ્ત કરનારની સહી."

૧૦.૨ અરજદાર દ્વારા રિટર્નિંગ ઓફિસરને રજૂ કરવામાં આવેલા ઉમેદવારી પત્રનો સંબંધિત ભાગ (અસલ ગુજરાતીમાંથી ભાષાંતરિત) નીચે મુજબ વંચાય છે. સદર ફોર્મ આંક ૫૦ પર રેકોર્ડ પર છે.

**" ફોર્મ ૨બી**

(નિયમ ૪ જુઓ)

ઉમેદવારી પત્ર

ગુજરાત રાજ્યની વિધાનસભાની ચૂંટણી

નીચેના પૈકી જે ભાગ I અથવા ભાગ II લાગુ પડતો ન હોય તેને ચેકી નાખો

**ભાગ I**

(માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષ દ્વારા ઉભા રાખવામાં આવેલ ઉમેદવાર દ્વારા ઉપયોગમાં લેવા માટે)

હું **૮૨– દ્વારકા** વિધાનસભા મતવિસ્તારમાંથી વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવાર તરીકે નામોદ્દિષ્ટ કરું છું.

ઉમેદવારનું નામ **આહીર મેરામણ મરખી** પિતાનું/માતાનું/પતિનું નામ **મરખી જેઠાભાઈ ગોરિયા. તેમનું ટપાલ સરનામું– ફ્લેટ નં.૨૦૫, શિવમ એપાર્ટમેન્ટ, એમ.જે.ગોરિયા કોલેજ સામે, રામનાથ સોસાયટી, શક્તિનગર, ખંભાળિયા ૩૬૧૩૦૫, જિલ્લો : દેવભૂમિ દ્વારકા.** તેમનું નામ **૮૨–દ્વારકા** વિધાનસભા મતવિસ્તાર માટેની, **૪ ની** મતદારયાદીના ભાગ નં. ૧૫૬/૩૧૭ ના અનુક્રમ નં.૭૦૭ પર નોંધાયેલું છે.

મારું નામ **ગોરિયા રાકેશ મેરામણ** છે અને તે **૮૨–દ્વારકા** વિધાનસભા મતવિસ્તાર માટેની, **૪ ની** મતદારયાદીના ભાગ નં.**૧૫૬/૩૧૭** ના અનુક્રમ નં.**૭૧૧** પર નોંધાયેલું છે.

તારીખ **૨૦/૧૧/૨૦૧૭**

**સહી/–**

દરખાસ્ત કરનારની સહી."

૧૦.૩ સામવાળા નં.૧ દ્વારા રિટર્નિંગ ઓફિસરને રજૂ કરવામાં આવેલા ઉમેદવારી પત્રનો સંબંધિત ભાગ (અસલ ગુજરાતીમાંથી ભાષાંતરિત) નીચે મુજબ વંચાય છે. સદર ફોર્મ આંક ૪૯ પર રેકોર્ડ પર છે.

**" ફોર્મ ૨બી**

(નિયમ ૪ જુઓ)

ઉમેદવારી પત્ર

ગુજરાત રાજ્યની વિધાનસભાની ચૂંટણી

નીચેના પૈકી જે ભાગ I અથવા ભાગ II લાગુ પડતો ન હોય તેને ચેકી નાખો

**ભાગ I**

(માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષ દ્વારા ઉપયોગમાં લેવા માટે)

હું **ધરણંત ભુલાભાઈ ચાવડા** વિધાનસભા મતવિસ્તારમાંથી વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવાર તરીકે નામોદ્દિષ્ટ કરું છું.

ઉમેદવારનું નામ **પબુભા વિરામભા માણેક** પિતાનું/માતાનું/પતિનું નામ **વિરામભા આશાભા માણેક** તેમનું ટપાલ સરનામું "**ભગવતી નિવાસ" વ્યોમાની માતાજી મંદિર સામે, જવાહર રોડ, ઓખા પોર્ટ ૩૬૧૩૫૦.** તેમનું નામ **૮૨–દ્વારકા** વિધાનસભા મતવિસ્તાર માટેની**, ૧–વ્યોમાની મંદિર થી જવાહર રોડ ઓખા** ની મતદારયાદીના ભાગ નં. **૨/૩૧૭** ના અનુક્રમ નં.**૨૨** પર નોંધાયેલું છે.

મારું નામ **ધરણંત ભુલાભાઈ ચાવડા** છે અને તે **૮૨–દ્વારકા** વિધાનસભા મતવિસ્તાર માટેની **કોરાલાવાડી વિસ્તાર દ્વારકા** ની મતદારયાદીના ભાગ નં.**૧૦૧/૩૧૭** ના અનુક્રમ નં.**૨૪૯** પર નોંધાયેલું છે.

તારીખ ૨૦/૧૧/૨૦૧૭

સહી/–

(ધરણંત ભુલા)

દરખાસ્ત કરનારની સહી."

૧૧. ઉપરોક્ત પરથી, નીચેની હકીકતો સ્પષ્ટ થાય છે.

૧૧.૧ સદર ફોર્મ ૨બી ના ભાગ:I માં દરખાસ્ત કરનારની તારીખ અને સહી પહેલાં ત્રણ વિધાનો સમાવિષ્ટ છે. તે ત્રણ વિધાનો નીચે મુજબ વંચાય છે.

(i) હું ............. વિધાનસભા મતવિસ્તારમાંથી વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવાર તરીકે નામોદ્દિષ્ટ કરું છું.

(ii) ઉમેદવારનું નામ............ પિતાનું/ માતાનું/ પતિનું નામ............ તેમનું ટપાલ સરનામું.... તેમનું નામ ...........વિધાનસભા મતવિસ્તાર માટેની મતદારયાદીના ભાગ નં. .......... ના અનુક્રમ નં....... પર નોંધાયેલું છે.

(iii) મારું નામ ....... છે અને તે ..........વિધાનસભા મતવિસ્તાર માટેની મતદારયાદીના ભાગ નં. .......... ના અનુક્રમ નં............. પર નોંધાયેલું છે.

તારીખ દરખાસ્ત કરનારની સહી.

૧૧.૨ પ્રથમ વિધાનમાં વિધાનસભા મતવિસ્તારનો નંબર અને નામ હોવા જોઈએ. વર્તમાન કેસમાં, તે – '૮૨ દ્વારકા' છે.

૧૧.૩ બીજા વિધાનમાં જે ઉમેદવારના નામની દરખાસ્ત કરવામાં આવી રહી છે તેનું નામ અને અન્ય વિગતો હોવી જોઈએ.

૧૧.૪ ત્રીજા વિધાનમાં દરખાસ્ત કરનારનું નામ અને અન્ય વિગતો હોવી જોઈએ.

૧૧.૫ ઉપર નોંધાયેલા બીજા અને ત્રીજા વિધાનોનો સંબંધ છે ત્યાં સુધી, એમાં કોઈ વિવાદ નથી કે તે હદ સુધી બંને પ્રતિકાર કરનાર પક્ષકારોના ઉમેદવારી ફોર્મ યોગ્ય ક્રમમાં છે.

૧૧.૬.૧ વિવાદ પ્રથમ વિધાન અંગે છે. અરજદારના ઉમેદવારી પત્રમાં (ફોર્મ ૨બી), પ્રથમ વિધાનમાં જરૂરિયાત મુજબ વિધાનસભા મતવિસ્તારના નંબર અને નામ બંને એટલે કે ૮૨–દ્વારકા ની માહિતી સમાવિષ્ટ છે. તે આ પ્રમાણે વંચાય છે:– "હું **૮૨– દ્વારકા** વિધાનસભા મતવિસ્તારમાંથી વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવાર તરીકે નામોદ્દિષ્ટ કરું છું."

૧૧.૬.૨ જોકે સામવાળા નં.૧ ના ઉમેદવારી પત્રના (ફોર્મ ૨બી) સદર પ્રથમ વિધાનમાં, મતવિસ્તારના નંબર અથવા નામનો કોઈ ઉલ્લેખ નથી. તેના બદલે, તેમાં દરખાસ્ત કરનારનું નામ 'ધરણંત ભુલાભાઈ ચાવડા' સમાવિષ્ટ છે. તે આ

પ્રમાણે વંચાય છે:– "હું **ધરણંત ભુલાભાઈ ચાવડા** વિધાનસભા મતવિસ્તારમાંથી વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવાર તરીકે નામોદ્દિષ્ટ કરું છું."

૧૧.૬.૩ વધુમાં, સામવાળા નં.૧ ના સદર ફોર્મના ત્રીજા વિધાનમાં, જરૂરિયાત મુજબ દરખાસ્ત કરનારનું નામ અને અન્ય વિગતો ફરીથી દર્શાવવામાં આવી છે. આમ, સામવાળા નં.૧ ના ઉમેદવારી પત્રના ભાગ–I માં, વિધાનસભા મતવિસ્તાર કે જ્યાંથી સદર ઉમેદવાર ચૂંટણી લડી રહ્યા હતા એટલે કે '૮૨– દ્વારકા' નો નંબર કે નામ બિલકુલ દર્શાવવામાં આવ્યા નથી. આ ક્ષતિ જ વિવાદનો મુદ્દો છે.

૧૧.૭ ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને, એ સાબિત થાય છે કે સામવાળા નં.૧ દ્વારા રજૂ કરાયેલા ઉમેદવારી પત્રના ભાગ–I ની પ્રથમ લીટીમાં 'મતવિસ્તારના નંબર અને નામ' નો સંપૂર્ણ બહિષ્કાર/બકાત છે. અન્યથા પણ, સામવાળા નં.૧ ના લેખિત કથનને ધ્યાનમાં લેતા, જેનો સંબંધિત ભાગ ઉપર પહેલેથી જ ટાંકવામાં આવ્યો છે, આ માત્ર 'અવિવાદિત હકીકત' નથી પરંતુ 'કબૂલેલી હકીકત' છે. આ હોવા છતાં, આ પાસું બાબતના મૂળ સુધી જતું હોવાથી, આ કોર્ટે મુદ્દા નં.૧ અંગેના તારણો નોંધતી વખતે, આ સબસ્ટેન્શિયલ પાસાં પર પોતાને સંતુષ્ટ કરવા યોગ્ય માન્યું છે.

૧૨.૧ સામવાળા નં.૧ દ્વારા રજૂ કરાયેલા ઉમેદવારી ફોર્મના ભાગ–I ની પ્રથમ લીટીમાં 'મતવિસ્તારનું નામ અને નંબર' નો ઉપરોક્ત નોંધાયેલ બકાત, ઉમેદવારી ફોર્મમાં એક ક્ષતિ છે. છતાં, ચૂંટાયેલા ઉમેદવાર પ્રતિકાર કરનાર સામવાળા નં.૧

વતી એવી દલીલ હોઈ શકે છે, અને છે કે, આવા બકાતને 'સબસ્ટેન્શિયલ સ્વરૂપની ક્ષતિ' કહી શકાય નહીં, જે ઉમેદવારી ફોર્મને રદ કરવાની માંગ કરે.

૧૨.૨ 'સબસ્ટેન્શિયલ સ્વરૂપની ક્ષતિ' કોને કહી શકાય અને કઈ ક્ષતિઓને સબસ્ટેન્શિયલ સ્વરૂપની ક્ષતિ કહી શકાય નહીં તે સમજવા માટે, એક્ટની કલમ ૩૬(૪), કલમ ૩૩(૧) અને ૩૩(૪) ની ભાષા ધ્યાનમાં રાખવાની જરૂર છે.

૧૨.૩ એક્ટની કલમ ૩૬ નો સંબંધિત ભાગ નીચે મુજબ વંચાય છે.

> "૩૬. ઉમેદવારી પત્રોની ચકાસણી
>
> (૧) કલમ ૩૦ હેઠળ ઉમેદવારી પત્રોની ચકાસણી માટે નક્કી કરેલી તારીખે, ઉમેદવારો...
>
> (૨) ...............
>
> (૩) ...............
>
> (૪) રિટર્નિંગ ઓફિસર કોઈપણ ઉમેદવારી પત્રને કોઈપણ [****] ક્ષતિના આધારે રદ કરશે નહીં જે સબસ્ટેન્શિયલ સ્વરૂપની ન હોય. ......"

૧૨.૪ એક્ટની કલમ ૩૩ નો સંબંધિત ભાગ નીચે મુજબ વંચાય છે.

**"કલમ ૩૩ ઉમેદવારી પત્ર રજૂ કરવું અને માન્ય ઉમેદવારી માટેની જરૂરિયાતો**

(૧) કલમ ૩૦ ની કલમ (a) હેઠળ નિયુક્ત કરેલી તારીખે અથવા તે પહેલાં દરેક ઉમેદવારે, કાં તો જાતે અથવા તેના દરખાસ્ત કરનાર મારફતે, સવારે અગિયાર વાગ્યાથી બપોરના ત્રણ વાગ્યાની વચ્ચે કલમ ૩૧ હેઠળ બહાર પાડવામાં આવેલી નોટિસમાં આ અર્થે સ્પષ્ટ કરેલા સ્થળે રિટર્નિંગ ઓફિસરને નિયત ફોર્મમાં પૂર્ણ કરેલું અને ઉમેદવાર દ્વારા તથા દરખાસ્ત કરનાર તરીકે મતવિસ્તારના એક મતદાર દ્વારા સહી કરેલું ઉમેદવારી પત્ર સુપ્રત કરવાનું રહેશે: પરંતુ

(૨) ................

(૩) ................

(૪) ઉમેદવારી પત્ર રજૂ કરવા પર, રિટર્નિંગ ઓફિસરે પોતાની જાતે સંતોષ મેળવવો રહેશે કે ઉમેદવારી પત્રમાં દાખલ કરાયેલા ઉમેદવાર અને તેના દરખાસ્ત કરનારના નામો અને મતદારયાદી નંબર તે જ છે જે મતદારયાદીમાં દાખલ કરાયેલા છે:

[પરંતુ મતદારયાદીમાં અથવા ઉમેદવારી પત્રમાં દર્શાવેલ ઉમેદવાર અથવા તેના દરખાસ્ત કરનાર અથવા અન્ય કોઈપણ વ્યક્તિના નામ સંબંધમાં, અથવા કોઈપણ સ્થળ સંબંધમાં કોઈ ખોટું નામ અથવા અચોક્કસ વર્ણન અથવા ક્લાર્કની, ટેકનિકલ કે છાપકામની ભૂલ અને મતદારયાદીમાં અથવા ઉમેદવારી પત્રમાં આવી કોઈપણ વ્યક્તિના મતદારયાદી નંબરો સંબંધમાં કોઈ ક્લાર્કની, ટેકનિકલ કે છાપકામની

ભૂલ, આવી વ્યક્તિ અથવા સ્થળ સંબંધમાં મતદારયાદી અથવા ઉમેદવારી પત્રના પૂર્ણ અમલને એવી કોઈપણ બાબતમાં અસર કરશે નહીં જ્યાં વ્યક્તિ અથવા સ્થળના નામના સંબંધમાં વર્ણન એવું હોય જે સામાન્ય રીતે સમજી શકાય; અને રિટર્નિંગ ઓફિસર આવા કોઈપણ ખોટા નામ અથવા અચોક્કસ વર્ણન અથવા કલાર્કની, ટેકનિકલ કે છાપકામની ભૂલને સુધારવાની મંજૂરી આપશે અને જ્યાં જરૂરી હોય ત્યાં નિર્દેશ આપશે કે મતદારયાદીમાં અથવા ઉમેદવારી પત્રમાં આવા કોઈપણ ખોટા નામ, અચોક્કસ વર્ણન, કલાર્કની, ટેકનિકલ કે છાપકામની ભૂલને અવગણવામાં આવશે.] ...."

૧૨.૫ એક્ટની કલમો ૩૬(૪), ૩૩(૧) અને ૩૩(૪) નું સંયુક્ત વાંચન એવા નિષ્કર્ષ પર દોરી જશે કે રિટર્નિંગ ઓફિસર માટે તમામ ક્ષતિગ્રસ્ત ઉમેદવારી પત્રોને રદ કરવાનું ખુલ્લું રહેશે નહીં. જો કોઈપણ ઉમેદવારી પત્ર ક્ષતિગ્રસ્ત હોય તો પણ, અમુક એવી ક્ષતિઓ છે, જેને રિટર્નિંગ ઓફિસર કાં તો અવગણશે અથવા સંબંધિત ઉમેદવારના ધ્યાને મૂકશે, જેથી તે સુધારી/સરખી કરી શકાય. આવી ક્ષતિઓ એક્ટની કલમ ૩૩ ની ઉપ–કલમ ૪ ના પરંતુકમાં પૂરી પાડવામાં આવેલી છે. સદર પરંતુકમાં તે પ્રમાણે વર્ણવવામાં ન આવી હોય તેવી ક્ષતિઓને રિટર્નિંગ ઓફિસર દ્વારા અવગણી શકાય નહીં. તેઓ તે અંગે સુધારા/સુધારણાની મંજૂરી પણ આપી શકે નહીં.

૧૩.૧ વર્તમાન કેસમાં, સામવાળા નં.૧ ના ઉમેદવારી ફોર્મના ભાગ–I ની પ્રથમ લીટીમાં મતવિસ્તારના નામ અને નંબરનો સંપૂર્ણ બહિકાર/બકાત છે. ફોર્મ ૨બી ના ભાગ–I માં આ એકમાત્ર જગ્યા છે, જ્યાં આ માહિતી દર્શાવવી જરૂરી હતી અને

દર્શાવી શકાતી હતી. આ કોર્ટે એક્ટની કલમ ૩૩ ની ઉપ–કલમ ૪ ના પરંતુકમાં પૂરી પાડવામાં આવેલી તમામ આકસ્મિકતાઓ પર વિચાર કર્યો છે, જે ક્ષતિઓ છે, પરંતુ તેને સબસ્ટેન્શિયલ સ્વરૂપની ક્ષતિઓ કહી શકાય નહીં. ઉમેદવારી પત્રમાં મતવિસ્તારના નામ અને નંબરનો બકાત, જે હાથ પરનો કેસ છે, તેને એક્ટની કલમ ૩૩ ની ઉપ–કલમ ૪ ના સદર પરંતુક હેઠળ વર્ણવેલ કોઈપણ આકસ્મિકતા દ્વારા આવરી લેવાયેલી ક્ષતિ ગણાવી શકાય નહીં.

૧૩.૨ ગુણદોષ પર પણ, જ્યાંથી ઉમેદવારે ચૂંટણી લડવાની છે તે વિધાનસભા મતવિસ્તારના નામ અને નંબર અંગેની માહિતીને અપ્રાસંગિક અને/અથવા નગણ્ય માહિતી કહી શકાય નહીં, જેના બકાતને રિટર્નિંગ ઓફિસર દ્વારા અવગણી શકાય. તે ખૂબ જ મહત્વપૂર્ણ માહિતી છે. તેનો ઉલ્લેખ ન કરવો તે એક્ટની કલમ ૩૩ ના જોગવાઈઓનું પાલન કરવામાં નિષ્ફળતા સમાન પણ બનશે. તેથી સદર ક્ષતિ એક્ટના જોગવાઈઓ હેઠળ વિચારાયા મુજબ 'સબસ્ટેન્શિયલ સ્વરૂપની ક્ષતિ' ના મથાળા હેઠળ આવશે. <u>તેથી મુદ્દા નં.૧ નો જવાબ હકારાત્મક આપવો જરૂરી છે.</u>

૧૩.૩ (૧૯૭૨) ૩ એસસીસી ૧૩૧ માં રિપોર્ટ થયેલા રામ અવધેશ સિંહ વિ. શ્રીમતી સુમિત્રા દેવીના કેસમાં અને (૧૯૯૭) ૨ એસસીસી ૨૨૮ માં રિપોર્ટ થયેલા રફીક ખાન વિ. લક્ષ્મી નારાયણ શર્માના કેસમાં ભારતના સુપ્રીમ કોર્ટના નિર્ણયો પર સામવાળા નં.૧ ના વિદ્વાન એડવોકેટ દ્વારા રાખવામાં આવેલ આધાર, આ કેસની હકીકતોમાં અને ઉપર નોંધાયેલા કારણોસર સામવાળા નં.૧ ને મદદ કરશે નહીં.

૧૪. સામવાળા નં.૧ વતી એવી દલીલ કરવામાં આવે છે કે, સામવાળા નં.૧ દ્વારા ફાઇલ કરવામાં આવેલા સોગંદનામામાં સર્વગ્રાહી માહિતી જાહેર કરવામાં આવી હોવાથી, જે ઉમેદવારી પત્ર સાથે સંલગ્ન હતી, ફોર્મ ૨બી ના ભાગ–I માં મતવિસ્તારના નંબર અને નામનો ઉલ્લેખ ન કરવો તે કોઈ પરિણામ ધરાવતું નથી, ઓછામાં ઓછું તે ઘાતક રહેશે નહીં. આ દલીલ સામવાળા નં.૧ ને એક કરતાં વધુ કારણોસર મદદ કરશે નહીં. પ્રથમેય, સદર સોગંદનામું એક્ટની કલમ ૩૩એ હેઠળ જરૂરિયાત મુજબ ફાઇલ કરવામાં આવે છે. ઉમેદવારની પૂર્ણ વિગતો અને માહિતી મેળવવાના લોકોના અધિકારને ધ્યાનમાં રાખીને સદર કલમ ૩૩એ ઉમેરીને એક્ટમાં સુધારો કરવામાં આવ્યો હતો. એક્ટની કલમ ૩૩એ હેઠળ જરૂરિયાત મુજબ ઉમેદવાર દ્વારા આપવામાં આવેલી કોઈપણ માહિતી, એક્ટની કલમ ૩૩ હેઠળ વિચારાયા મુજબ નિયત ફોર્મમાં પૂર્ણ કરેલું ઉમેદવારી પત્ર રજૂ કરવાની જરૂરિયાતને બદલે હોઈ શકે નહીં અને નથી. દ્વિતીયેય, આવા સોગંદનામામાં ઉમેદવારની મિલકત, દેવા, ગુનાહિત પૂર્વઇતિહાસ (જો કોઈ હોય તો) વગેરે અંગેની માહિતી સમાવિષ્ટ હોય છે. સદર સોગંદનામામાં એવી માહિતી પણ સમાવિષ્ટ હોય છે કે સદર ઉમેદવાર સામાન્ય રીતે ક્યાં રહે છે અને તેમનું નામ કયા સ્થળે મતદાર તરીકે નોંધાયેલું છે. એ જરૂરી નથી કે સંબંધિત ઉમેદવાર એ જ મતવિસ્તારનો રહેવાસી હોવો જોઈએ જ્યાંથી તે ચૂંટણી લડવા માંગે છે. એ પણ જરૂરી નથી કે તે તે મતવિસ્તારનો નોંધાયેલ મતદાર હોવો જોઈએ. વર્તમાન કેસમાં, જો સામવાળા નં.૧ એવા ગામ/શહેરના સામાન્ય રહેવાસી ન હતા, જેનો વિસ્તાર દ્વારકા વિધાનસભા મતવિસ્તાર હેઠળ આવે છે, તો પણ તેઓ ૮૨–દ્વારકા વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટણી લડવા માટે ઉમેદવારી ફોર્મ ભરી શક્યા હોત. તે જ રીતે, જો તેઓ ૮૨–દ્વારકા વિધાનસભા મતવિસ્તારના નોંધાયેલ મતદાર ન હોત, તો પણ તેઓ ૮૨–દ્વારકા વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટણી લડવા માટે ઉમેદવારી ફોર્મ

ભરી શક્યા હોત. એ જ રીતે, સામવાળા નં.૧ દ્વારકાના સામાન્ય રહેવાસી હોવા છતાં અને દ્વારકા વિધાનસભા મતવિસ્તારના નોંધાયેલ મતદાર હોવા છતાં, તેઓ અન્ય કોઈ મતવિસ્તારમાંથી પણ ઉમેદવારી ભરી શક્યા હોત. તે કિસ્સામાં પણ, સદર સોગંદનામામાંની માહિતી એ જ હોત જે તેમણે અત્યારે આપી છે. આ કારણોસર, સામવાળા નં.૧ વતી કરાયેલી દલીલ કે ઉમેદવારી ફોર્મ સાથે સંલગ્ન સોગંદનામામાં તેમના રહેઠાણના સરનામાની વિગતો સમાવિષ્ટ છે જે દ્વારકાની છે અને મતદાર તરીકે તેમની નોંધણી અંગેની વિગતો પણ દ્વારકાની છે, તે સામવાળા નં.૧ ને મદદ કરશે નહીં. આ સંબંધમાં સામવાળા નં.૧ ના વિદ્વાન એડવોકેટ દ્વારા ટાંકવામાં આવેલા ચુકાદાઓ, એટલે કે કિસાન શંકર કાઠોરે (ઉપરોક્ત), રિસર્જન્સ ઈન્ડિયા (ઉપરોક્ત), યુનિયન ઓફ ઈન્ડિયા વિ. એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ઉપરોક્ત) અને પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ (ઉપરોક્ત) ના કેસો સામવાળા નં.૧ ના કેસને આગળ લઈ જશે નહીં.

૧૫. આ મુદ્દાનો હકારાત્મક જવાબ આપવા માટે એક વધારાનું પરિબળ છે. આવો મુદ્દો અગાઉ અન્ય કેસમાં પણ સામે આવ્યો હતો, જે ભારતના સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો હતો. આ સંબંધમાં એઆઇઆર ૧૯૭૩ એસસી ૧૭૮ માં રિપોર્ટ થયેલા પ્રહલાદદાસ ખંડેલવાલ વિ. નરેન્દ્ર કુમાર સાલ્વેના કેસમાં ભારતના સુપ્રીમ કોર્ટના નિર્ણયનો સંદર્ભ આપવો જરૂરી છે. આ પિટિશનમાં સામે આવેલી લગભગ સમાન હકીકતો સાથે કામ કરતી વખતે, પ્રહલાદદાસ ખંડેલવાલ (ઉપરોક્ત) ના કેસમાં ભારતના સુપ્રીમ કોર્ટે નીચે મુજબ અવલોકન કર્યું અને ઠરાવ્યું.

> "૯. <u>પછીનો પ્રશ્ન એ છે કે શું આંક પી–૨ માં ૨૬મા બેતુલ સંસદીય મતવિસ્તારના નામનો ઉલ્લેખ કરવાનો ઓમિશન એ સબસ્ટેન્શિયલ</u>

<u>સ્વરૂપની ક્ષતિ હતી કે જેના કારણે ઉમેદવારી પત્ર રિટર્નિંગ ઓફિસર દ્વારા રદ થવું જ જોઈએ.</u> કલમ ૩૩ ઉમેદવારી પત્ર રજૂ કરવા અને માન્ય ઉમેદવારી માટેની જરૂરિયાતો સાથે કામ કરે છે. તેને નિયત ફોર્મમાં પૂર્ણ કર્યા પછી અને ઉમેદવાર દ્વારા તથા દરખાસ્ત કરનાર તરીકે મતવિસ્તારના એક મતદાર દ્વારા સહી કર્યા પછી રજૂ કરવાનું રહેશે. સદર કલમની ઉપ–કલમ ૪ નીચેની અસર માટે છે:

> "ઉમેદવારી પત્ર રજૂ કરવા પર, રિટર્નિંગ ઓફિસરે સંતોષ મેળવવો રહેશે કે ઉમેદવારી પત્રમાં દાખલ કરાયેલા ઉમેદવાર અને તેના દરખાસ્ત કરનારના નામો અને મતદારયાદી નંબર તે જ છે જે મતદારયાદીમાં દાખલ કરાયેલા છે".

કલમ ૩૬ ઉમેદવારી પત્રોની ચકાસણી સાથે કામ કરે છે. તેની ઉપ–કલમ (૨) જોગવાઈ કરે છે કે રિટર્નિંગ ઓફિસરે ઉમેદવારી પત્રોની તપાસ કરવાની રહેશે અને કોઈપણ ઉમેદવારી સામે કરવામાં આવતા તમામ વાંધાઓનો નિર્ણય કરવાનો રહેશે અને આવા વાંધા પર અથવા પોતાની મેળે સમરી ઈન્કવાયરી પછી, કલમો (a), (b) અને (c) માં આપેલા ગ્રાઉન્ડ પર ઉમેદવારી પત્ર રદ કરી શકશે. કલમ (b) એ છે "કે કલમ ૩૩ અથવા કલમ ૩૪ ની કોઈપણ જોગવાઈઓનું પાલન કરવામાં નિષ્ફળતા થઈ છે." ઉપ–કલમ (૪) વિચારણા હેઠળના મુદ્દાની ચાવી પૂરી પાડે છે. તેના અનુસાર રિટર્નિંગ ઓફિસર કોઈપણ ઉમેદવારી પત્રને કોઈપણ એવી ક્ષતિના આધારે રદ કરશે નહીં જે સબસ્ટેન્શિયલ સ્વરૂપની ન હોય. નિયમ ૪ નો પરંતુક પણ ધ્યાને

